**પ્રેસનોટ – તા.૦૧/૦૫/૨૦૨૨**

## <u>અમરેલી જિલ્લા જેલમાંથી વચગાળાના જામીન ઉપર છુટી ફરાર થઇ ગયેલ કાચા કામના કેદીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

**અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** દ્વારા અમરેલી જિલ્લા જેલમાંથી વચગાળાના જામીન ઉપર છુટીને ફરાર થઇ ગયેલ નાસતા ફરતા કેદીને રાજુલા બસ સ્ટેન્ડ પાસેથી પકડી પાડવામાં સફળતા મેળવેલ છે.

ફરાર થયેલ કેદી અમરેલી જિલ્લા જેલ ખાતે પ્રોહિબીશનના કેસમાં કાચા કામના કેદી તરીકે હોય અને હાલ કોરોના વૈશ્વિક મહામારી સબબ આ કેદીને તા.૧૮/૦૧/૨૦૨૨ ના રોજ દિન-૬૦ માટે વચગાળાના જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ. આ કેદીને તા.૨૦/૦૩/૨૦૨૨ ના રોજ અમરેલી જિલ્લા જેલ ખાતે હાજર થવાનું હતું પરંતુ આ કેદી જિલ્લા જેલ ખાતે હાજર થવાને બદલે ફરાર થઇ ગયેલ હતો.

⇨ <u>પકડાયેલ કેદીઃ-</u>

કૈલાશભાઇ સોમાભાઇ સોલંકી, ઉ.વ.૩૭, રહે.જાફરાબાદ, પીપળી કાંઠા, જિ.અમરેલી

પકડાયેલ કેદીને અમરેલી જિલ્લા ખેલ ખાતે કેદ રહેવા સારુ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



● પ્રેસનોટ તા.૦૩/૦૫/૨૦૨૨ ●

➥ લીલીયા પો.સ્ટે., વિસ્તારમાં સીમ ચોરી કરતા આરોપીઓને ઝડપી પાડી ચોરી કરેલ ઝટકા મશીન તથા પાવર સેવર બેટરી વિગેરે મુદામાલ સાથે ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ

➥ શ્રી, પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગર નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ, અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સાહેબ, દ્વારા અમરેલી જિલ્લામાં અગાઉ બનેલ સીમ ચોરી તથા ચોરીનાં ગુન્હાઓ કે જે અનડીટેક્ટ રહેવા પામેલ હોય, તેવા ગુન્હાઓનો ઉંડાણપુર્વક અભ્યાસ કરી આવા ગુન્હાઓનો ડીટેક્ટ કરી ચોરીમાં ગયેલ મુદ્દામાલ રીકવર કરી તેનાં મુળ માલીકને ચોરીમાં ગયેલ મુદ્દામાલ સહી સલામત મળી રહે, અને આવા ચોરી કરતા ઈસમોને સત્વરે પકડી જેલ હવાલે કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે તા.૦૩/૦૫/૨૦૨૨ ના રોજ એસ.ઓ.જી પો.સ.ઈ તથા એસ.ઓ.જી.ટીમ લીલીયા પો.સ્ટે., વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન ખાનગી રાહે હકિકત મળેલ કે, લીલીયા પો.સ્ટે.નાં ખારા ગામે ગૌશાળા પાસે રોડ ઉપર હરેશભાઇ ધનાભાઇ દેવીપુજક તથા સુરેશભાઇ બબાભાઇ દેવીપુજક તથા બાબાભાઇ બચુભાઇ કાઠી દરબાબ એમ ત્રણેય જણા ચોરી અથવા છળકપટથી મેળવેલ ઝટકા મશીન તથા બેટરી તથા મોટર પંપ વિગેરે સામાન સાથે ઉભેલ છે અને સદરહુ સામાન વેચવાની પેરવીમાં હોય જે અન્વયે મળેલ ખાનગી બાતમી વર્ણન વાળા ઈસમોને ચોરીના મુદામાલ સાથે ઝડપી પાડવામા આવેલ છે. અને મજકુર ઇસમોની પુછપરછ દરમિયાન લીલીયા પો.સ્ટે. વિસ્તારના અલગ અલગ વાડી/સીમ વિસ્તાર માથી ઝટકા મશીન તથા પાવર સેવર બેટરી તથા પાણીની મોટર વિગેરેની ચોરી કરેલ હોવાની કબુલાતા આપેલ છે.

➥ પકડાયેલ આરોપીઓ

1 હરેશભાઇ ધનાભાઇ વાઘેલા ઉવ.૨૭ ધંધો-મજુરી રહે.ઢાંગલા તા.લીલીયા જી.અમરેલી

2 સુરેશભાઇ ઉર્ફે નાનકો બબાભાઇ વાઘેલા ઉવ.૨૧ રહે.ખારા તા.લીલીયા જી.અમરેલી

3 બાબાભાઇ બચુભાઇ ખુમાણ ઉવ.૫૫ ધંધો-મજુરી રહે.ઢાંગલા, તા.લીલીયા જી.અમરેલી

✨ આરોપી પાસેથી કબ્જે કરેલ મુદ્દામાલ

મજકુર પકડાયેલ આરોપીઓ પાસેથી (૧) એક શિવાય કંપનીનુ સફેદ તથા કેસરી કલરનુ વાડી ખેતરમાં વપરાતુ જુના જેવુ ઝટકા મશીન તથા એક કંપનીનુ નામ લખ્યા વગરની કાળા કલરની પાવર સેવર બેટરી કિ.રૂ.૬૦૦૦/- (૨) એક બલવાન કંપનીનુ પોપટી કલરનુ વાડી ખેતરમાં વપરાતુ જુના જેવુ ઝટકા મશીન તથા એક પાવર ઝોન કંપનીની કાળા કલરની પાવર સેવર બેટરી કિ.રૂ.૫૦૦૦/- (૩) એક FOREX લખેલ જુના જેવી પાણીની મોટર પંપ જેની કિં.રૂા.૧૦૦૦/- તથા (૪) એક સેમસંગ કંપનીનો બ્લ્યુ કલરનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન મળી આવેલ જેની કિ.રૂા.૩૦૦૦/- મળી કુલ રૂા.૧૫૦૦૦/- ના સીમ ચોરીના મુદામાલ સાથે ઝડપી પાડેલ છે. મજકુર પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ વધુ તપાસ અર્થે લીલીયા પો.સ્ટે., ખાતે સૌંપી આપેલ છે.

➥ આમ, પોલીસ અધિક્ષક શ્રી સાહેબ ની સુચના અને માર્ગદર્શન મુજબ લીલીયા પો.સ્ટે., વિસ્તારનાં સીમ ચોરી કરતા આરોપીઓને ચોરી કરેલ ઝટકા મશીન તથા પાવર સેવર બેટરી વિગેરે મુદામાલ સાથે ઝડપી પાડવામાં અમરેલી એસ.ઓ.જી.નાં પો.સ.ઇ.શ્રી તથા એસ.ઓ.જી. ટીમને સફળતા મળેલ છે.



● *પ્રેસનોટ તા.03/૦૫/૨૦૨૨* ●

✍*અમરેલી તાલુકા પો.સ્ટે., વિસ્તારનાં ૬ (છ) જુગાર રમતા શકુનીઓને રોકડ રકમ, તથા મોબાઇલ, સહિત અન્ય મુદ્દામાલ મળી કુલ કિ.રૂા.૧૭,૪૨૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ*

✍* શ્રી યાદવ સાહેબ, પોલીસ મહનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ, અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સાહેબ* નાઓ દ્વારા જીલ્લામાંથી જુગારની બદીને સદંત્તર નેસ્ત નાબુદ કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય, અને આવા જુગાર રમતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડો કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી તાલુકા પો.સ્ટે., વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત કામગીરી સબંધે પેટ્રોલીંગમાં હતા દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, અમરેલી રોકડીયા પરા, ચામુંડા કિરાણા સ્ટોર ની બાજુની શેરી પાસે, બાવળની કાંટમાં જાહેરમાં કેટલાંક ઇસમો ગોળ કુંડાળુ વળીને પૈસા પાના વડે હાર-જીતનો જુગાર રમે છે તેવી ચોક્કસ બાતમી આધારે *અમરેલી એસ.ઓ.જી.પો.સ.ઇ.શ્રી તથા એસ.ઓ.જી.ટીમે* બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતા છ ઈસમોને જુગાર રમતા ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

✍*રેઇડ દરમ્યાન પકડાયેલ ઇસમો*

(૧) ભુપતભાઇ મોરભાઇ મોરવાડીયા, ઉ.વ.૫૪, ધંધો.મજુરી, રહે.અમરેલી, રોકડીયા પરા, દશા માતાજીનાં મંદિર પાસે, ચામુંડા કિરાણા સ્ટોરની બાજુમાં તા.જી.અમરેલી.

(૨) હરેશભાઇ ધનજીભાઇ પાટડીયા, ઉ.વ.૨૮, ધંધો.મજુરી, રહે.અમરેલી, રોકડીયા પરા, દશા માતાજીનાં મંદિર પાસે, ચામુંડા કિરાણા સ્ટોરની બાજુમાં તા.જી.અમરેલી.

(૩) જગદિશ ઉર્ફે જગી રાજુભાઇ વાઘેલા, ઉ.વ.૨૦, ધંધો.મજુરી, રહે.અમરેલી, રોકડીયા પરા, ચતુરભાઇ ભંગારવાળાનાં ડેલા પાસે, તા.જી.અમરેલી.

(૪) વિજય ઉર્ફે કાળોનાગ રૂડાભાઇ માથાસુળીયા, ઉ.વ.૨૯, ધંધો. મજુરી, રહે.અમરેલી-સાવરકુંડલા રોડ, મરફતપરા, લીલાનગર, તા.જી.અમરેલી.

(૫) ભરત ઉર્ફે ટકો બાજુભાઇ ચારોલા, ઉ.વ.૪૦, ધંધો.મજુરી, રહે.અમરેલી, રોકડીયા પરા, સાવરકુંડલા બાયપાસ રોડ, રાજશકિત કિરાણા સ્ટોર, પાસે તા.જી.અમરેલી.

(૬) અશ્વિન ઉર્ફે કાળુ ધીરૂભાઇ માલાડીયા, ઉ.વ.૪૨, ધંધો. મજુરી, રહે.અમરેલી, રોકડીયા પરા, દશા માતાજીનાં મંદિર પાસે, ચામુંડા કિરાણા સ્ટોરની બાજુમાં તા.જી.અમરેલી.

✍*પકડાયેલ મુદામાલઃ-*

મજકુર પકડાયેલ ૬ (છ) એ ઇસમો અમરેલી રોકડીયા પરા, ચામુંડા કિરાણા સ્ટોર ની બાજુની શેરી પાસે, બાવળની કાંટમાં જાહેરમાં કેટલાંક ઇસમો ગોળ કુંડાળુ વળીને પૈસા પાના વડે હાર-જીતનો જુગાર રમતા કુલ રોકડ રકમ *રૂા.૧૧,૪૨૦/-* તથા મોબાઇલ ફોન નંગ-03, કિ.રૂા.૬,૦૦૦/- તથા ગંજી પત્તાના પાના નંગ-૫૨, કિ.રૂા.00/- એમ કુલ *કિ.રૂા.૧૭,૪૨૦/--* ના મુદામાલ સાથે ઝડપી પાડેલ, મજકુર પકડાયેલ ૬ (છ)એ ઈસમો વિરૂધ્ધ અમરેલી તાલુકા પો.સ્ટે., માં ગુન્હો રજી. કરાવી આગળની ઘટતી કાર્યવાહી અર્થે સોપી આપેલ છે.

✍ આમ, *અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ* નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ *એસ.ઓ.જી.* અમરેલીનાં *પો.સ.ઇ.શ્રી તથા *એસ.ઓ.જી.ટીમ*ને જુગાર રમતા છ ઈસમોને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

**પ્રેસનોટ – તા.૦૩/૦૫/૨૦૨૨**

**રાજુલા તાલુકાના માંડણ ગામેથી બોગસ ડોકટરને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.**

**ભાવનગર રેન્જ આઇ.જી.પી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જ હેઠળના જિલ્લાઓમાં આવેલ ગ્રામ્ય વિસ્તારોમાં જયાં મોટી હોસ્પિટલો ન હોય ત્યાં બોગસ ડોકટર દ્વારા તબીબી સારવારના નામે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા થતાં હોવાનું ધ્યાનમાં આવેલ હતુ. આવા બોગસ ડોકટરો સામે કાર્યવાહી કરવા સુચના આપેલ હોય, જે અન્વયે **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ આ પ્રકારના બોગસ ડોકટરો દ્વારા સરકાર માન્ય તબીબી ડિગ્રી કે એલોપેથીક સારવાર કરવાની ડિગ્રી ન હોવા છતાં ગામડાંના લોકોને સારવારના નામે તબીબી સારવાર આપવામાં આવતી હોય, આવા બોગસ ડોકટરો શોધી કાઢવા સારૂ **સ્પેશ્યલ ડ્રાઇવ**નું આયોજન કરવામાં આવેલ અને અમરેલી જિલ્લા પોલીસને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમે**ને ગઇ કાલ તા.૦૨/૦૫/૨૦૨૨ નાં રોજ બાતમી રાહે હકીકત મળેલ હોય રાજુલા તાલુકાના માંડણ ગામેથી ડોળીયા ગામ તરફ જવાના રોડ ઉપર આવેલ માંડણ પ્રાથમીક શાળા સામે અંતુભાઇ ધીરૂભાઇ લાધવા રહે.માંડળ નાઓ જગદીશભાઇ સામતભાઇ નકુમ રહે.માંડણ વાળાના રહેણાંક મકાન ભાડે રાખી તેના મકાનમાં ગે.કા.રીતે કોઇ સરકાર માન્ય એલોપેથીક સારવારને લગતી ડિગ્રી વગર મેડીકલને લગતા સાધનો રાખી લોકોને એલોપેથીક દવા તથા સારવાર આપી પ્રાઇવેટ દવાખાનું ચલાવી લોકોની જીંદગી સાથે છેડા કરતા હોય જે હકિકત આધારે રાજુલા તાલુકા હેલ્થ ઓફીસર ડો.નીલેશભાઇ વાલાભાઇ કળસરીયા તથા મેડીકલ ટીમ સાથે રેઇડ કરી, બોગસ ડોકટરને મેડિકલને લગત સાધન સામગ્રી સાથે પકડી પાડવામાં આવેલ છે.

➡ **પકડાયેલ બોગસ ડોકટરઃ-**

અંતુભાઇ ધીરૂભાઇ લાધવા ઉ.વ.૩૨, રહે.હાલ માંડણ તા.રાજુલા, જિ.અમરેલી મુળ રહે.રાળગોન, તા.તળાજા, જિ.ભાવનગર

➡ **બોગસ ડોકટર પાસેથી કબ્જે કરેલ મુદ્દામાલઃ -**

સ્ટેથોસ્કોપ-૨ તથા બીપી માપવાનુ સાધન-૧ તથા એલોપેથીક દવાઓ, સીડ્યુલ, એસ ડ્રગ, દવાની બોટલો, ઇન્જેકશનો તથા સિરપની બોટલો-ટયુબ વિગેરે મેડિકલને લગતી સાધન સામગ્રી કુલ નંગ-૫૨ મળેલ જેની કુલ કિ.રૂ.૮૧,૯૯૮/- નો મુદામાલ સાથે પકડી પાડેલ.

પકડાયેલ બોગસ ડોકટર સામે ઇન્ડિયન પીનલ કોડ તથા ગુજરાત મેડિકલ પ્રેકટિસનર એકટ ૧૯૬૩ તથા ગુજરાત મેડિકલ કાઉન્સીલ એકટ ૧૯૬૭ તથા ઇન્ડિયન મેડિકલ કાઉન્સીલ એકટ હેઠળ ધોરણસર કાર્યવાહી કરી, **ડુંગર પોલીસ સ્ટેશન** હવાલે કરેલ છે. તબીબી સારવારના નામે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા **બોગસ ડોકટર સામે ચેતવણીરૂપ કામગીરી કરેલ છે.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



<u>**પ્રેસનોટ – તા.૦૭/૦૫/૨૦૨૨**</u>

## <u>સાવરકુંડલા તાલુકાના છાપરી ગામે હુલ્લડ અને મારામારી કરીને નાસતા ફરતા ચાર આરોપીઓને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં શરીર સબંધી અને મિલકત સબંધી ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** વિજપડી આઉટપોસ્ટ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી રાહે હકીકત મળેલ કે, <u>**સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૩૨૨૦૨૭૨૨૦૨૨/, IPC કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ જીપી.એકટ ક.લમ ૧૩૫**</u> મુજબના ગુનાને અંજામ આપીને નાસી જનાર અને નાસતા ફરતા ચાર આરોપીઓ છાપરી ગામના બસ સ્ટેશનમાં હાજર હોવાની ચોક્કસ બાતમી મળેલ હોય, મળેલ બાતમી આધારે ચારેય આરોપીઓને પકડી પાડીને તેમની સામે ધોરણસર કાર્યવાહી થવા સારૂ સાવરકુંડલા રૂરલ પો.સ્ટે.માં સોંપી આપેલ છે.

➯ <u>**પકડાયેલ આરોપીઓની વિગતઃ-**</u>

**(૧) મુસા દોસુભાઇ ગાહા, ઉં.વ.૨૧, રહે.છાપરી, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.**

**(૨) આમન બચુભાઇ ગાહા, ઉં.વ.૪૫, રહે.છાપરી, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.**

**(૩) બાવદીન મુસાભાઇ ગાહા, ઉં.વ.૨૧, રહે.છાપરી, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.**

**(૪) રૂસ્તમ ગુલુભાઇ ગાહા, ઉં.વ.૨૦, રહે.છાપરી, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.**

પકડાયેલ આરોપીઓ પૈકીના રૂસ્તમ ગુલુભાઇ ગાહાએ અગાઉ પણ બે વર્ષ પહેલા મારા-મારી કરેલ હતી જેનો વિડીયો પણ સોશિયલ મિડીયા પર વાઇરલ થયેલ હતો.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



**<u>પ્રેસનોટ – તા.૦૮/૦૫/૨૦૨૨</u>**

**<u>વંડા પોલીસ સ્ટેશનના ખુનની કોશિષ અને મારામારીના ગુનામાં નાસતા ફરતા ત્રણ આરોપીઓને પકડી પાડતી અમરેલી એલ.સી.બી.</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી, નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં શરીર સબંધી અને મિલકત સબંધી ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** વંડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી રાહે હકીકત મળેલ કે, **<u>વંડા પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૬૧૨૨૧૨૭/૨૦૨૨, IPC કલમ ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪</u>** મુજબના ખુનની કોશિષ અને મારા-મારીના ગુનાને અંજામ આપીને નાસી જનાર અને નાસતા ફરતા ત્રણ આરોપીઓ કેદારીયા ગામના બસ સ્ટેશન પાસે હાજર છે તેવી ચોક્કસ બાતમી મળેલ હોય, મળેલ બાતમી આધારે ત્રણેય આરોપીઓને પકડી પાડી, તેમની સામે ધોરણસર કાર્યવાહી થવા સારૂ **વંડા પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➩ **<u>પકડાયેલ આરોપીઓની વિગતઃ-</u>**

**(૧) અલીભાઇ ઇસ્માઇલભાઇ દલ, ઉં.વ.૬૫, રહે.કેદારીયા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.**

**(૨) અમીનભાઇ અલીભાઇ દલ, ઉં.વ.૩૫, રહે.કેદારીયા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.**

**(૩) અહમદભાઇ અલીભાઇ દલ, ઉં.વ.૪૦, રહે.કેદારીયા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા પો.સ.ઇ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.